# ભારતીય નાટય સાહિત્ય ઉમાશંકર જોશી કૃત "બારણે ટકોરા"

શર્મા એકતા રાજેન્દ્રકુમાર
પીએચ.ડી. વિદ્યાર્થી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત,પાટણ.

## ભૂમિકા

ગુજરાતી નાટય સાહિત્યમાં શુધ્ધ ગુજરાતી રંગભૂમિના ઉદભવ ઈતિહાસના સંદર્ભમાં અમદાવાદનાં આધ્યશિલ્પી અને અમદાવાદમા ૧૮૬૦માં પ્રથમ મિલની સ્થાપના કરનાર રણછોડભાઈના માર્ગદર્શન હેથળ નરોત્તમ મહેતાજીની આગેવાની હેઠળ ૧૮૭૮માં નાટ્યમંડળીની સ્થાપના થઈ. તે અગાઉ ૧૮૪૨માં શંકર શેઠે મુંબઈમાં બંધાવેલા સૌ પ્રથમ થિયેટર દ્વારા રંગભૂમિ પ્રવૃતિ માટે વ્યવસ્થા કરી. ૧૮૪૦-૫૦ ના દશકા દરમિયાનના છૂટછવાયા પ્રયાસો પછી ૧૮૫૨માં રીતસરની નાટકમંડળી અસિતત્વમાં આવે આવે છે. ૧૮૫૦-૬૦ ના દાયકામા સંખ્યાબંધ નાટકો ભજવાયા છે તથા નાની-મોટી 'નાટક કંપની' કામ કરતી થઈ જણાય છે. શરૂઆતના વર્ષોમાં જ નાટયપ્રવૃતિ ઉત્તરોતર દરેક કોમનું આકર્ષણ બને છે. પરિણામે પ્રારંભથી જ આ નાટયપ્રવૃતિને સંગીતજ્ઞ મહારાષ્ટ્રીયનો, સાહિત્યશોખીન સાહસિક પારસીઓ, વ્યવસ્થા કુશળ ગુજરાતી વહેપારીઓ, અભિનયપટુ ભોજક – નાયકો તથા ગાયન- વાદનનો વારસો ધરાવતા મીર-મુસલમાનોનો સાથ મળે છે અને નાટયપ્રવૃતિના સ્વતંત્ર રોમાંચક ઈતિહાસનો દ્રઢ પાયો નંખાય છે.

ગુજરાતી રંગભૂમિ ક્ષેત્રે પારસીઓએ મહત્વની પહેલ કરી. જાહેર જીવનમાં મહત્વાકાંક્ષી પારસીઓએ આગેવાની લીધી. પ્રારંભમા દાદાભાઈ નવરોજી જેવાના પ્રેરણા- પ્રોત્સાહનથી પારસી નાટયપ્રવૃતિ પાંગરી. પરંતુ ૧૯મી સદીના બાકીના દાયકામા નાટયપ્રવૃતિને મળતી સફળતા તેમજ સિદ્ધિ અને ઊભી થતી સંસ્થાઓની સંખ્યા લક્ષમાં લેતાં પારસીઓને લોકપ્રિયતા અપાવવામાં ફાળો ગૌણ તો નહિ જ ઠરે !

પારસીઓને ભાષાની મુશ્કેલીને કારણે સંવાદોમાં કૃત્રિમ ઉચ્ચારો પારસી નાટકની કુદરતી મર્યાદા બની રહી. વળી, સંવાદોમાં પણ હિન્દી તેમજા ઉર્દુ ભાષાના શબ્દોને છૂટથી સેળભેળ થવા લાગી. પરંતુ પારસીઓના પ્રારંભિક પ્રયાસો દ્વારા મનોરંજનલક્ષી રંગભૂમિ પ્રવૃતિને વેગ મળ્યો અને ગુજરાતી નાટયકાર પણ નાટક લખવા પ્રત્યે આકર્ષાયો. જેને કારણે પારસી – ગુજરાતી સહયોગ ફળદાયી નીવડયો.

## "બારણે ટકોરા"

## ઉમાશંકર જોશી

## સર્જક પરિચય ટૂંકો

ઉમાશંકરનો જન્મ ઈ.સ. ૧૯૧૧ માં સાબરકાંઠા જિલ્લાના લુસડિયા ગામમાં થયો હતો. છપ્પનિયા દુકાળ પછી બામણામાં વસ્યા. ઈડરમાં મૅટ્રિક સુધી અભ્યાસ કરી, ઉચ્ચશિક્ષણ અમદાવાદમા ગુજરાત કૉલેજમાં લીધું. સ્વાતંત્ર્યની લડતનો કાળ હોઇ અસહકારના આંદોલનમાં જોડાયા. બી.એ. અર્થશાસ્ત્ર અને એમ.એ. ગુજરાતી વિષય સાથે થયા. રવીન્દ્રનાથથી પ્રભાવિત થઈ બંગાળીનો અભ્યાસ કર્યો. અધ્યાપક તરીકે જોડાયા. ત્યાંથી ભો.જે. વિદ્યાભવનમાં આવ્યા. ત્યાં ઉત્તમ અધ્યાપક તરીકેની ખ્યાતિ મેળવી.

ગુજરાત યુનિવર્સિટીમાં ભાષા ભવનમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ  તરીકે નિમાયા. છેવટે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદને શોભાવ્યું૰ તેઓ રાજ્યસભાના સભ્ય તરીકે પણ નિયુક્ત થયા હતા. વિશ્વભારતી યુનિવર્સિટીના કુલપતી પદે પણ નીયુક્ત થયા હતા. 'નિશીથ' કાવ્યસંગ્રહ માટે તેમને સાહિત્ય અકાદમી તરફથી ૫૦,૦૦૦ રુપિયાનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

સારા એવા સર્જન તરીકે તેમણે કવિતા, નવલિકા, નવલિકા સંગ્રહો,એકાંકી સંગ્રહો, નિબંધ સંગ્રહો, વિવેચના સંગ્રહો અને પ્રકીર્ણ  ઈત્યાદિમાં સારું એવું સર્જન નિરૂપાયુ છે. કવિ, વિવેચક, વિવરણકાર, ચિંતક, વિદ્યાગુરુ અને 'સંસ્કૃતિ' માસિકના તંત્રી પદ દ્વારા એમની કીર્તિ ચોમેર ફેલાયેલી છે.

**"બારણે ટકોરા"**

**ભૂમિકા**

એકાંકીઓમાં ઉમાશંકરના જીવનને સમભાવથી જોતાં શ્રી મનસુખલાલ ઝવેર નોંધે છે.  જીવનની વિશાળતા, ગંભીરતા, કરુણતા અને કવિતાને એમણે પારખી છે. એ પરીક્ષા વ્યાપકને ઊંડી છે. તેટલી જ સત્યને મર્મગ્રાહી  છે. પોતાના દર્શનને સુરેખ રીતે મૂર્ત કરવાનું કલાકૌશલ્ય એમને સિધ્ધ છે.

**આરંભ**

દમથી પીડાતા નંદુ ગોરાણી ચંચળના આગનથી બારણું ખોલે છે ને તરત જ સ્વાગત રૂપે છીંકણીની દાબડી ધરે છે. આ ચંચળ મહિનો-માસ દીકરાની સારવાર માટે નંદુ ગોરાણીને ત્યાં રહી ગયેલા એમના સગા  પૂનમભાઈનો ગયેલો લોટો લેવા આવે છે. ત્યાથી એકાંકીનો આરંભ થાય છે. આરંભમાં વાંસની ખાપોટીયો વડે ભીંતથી છૂટું પડેલું રસોડુ, વળગણીએ લટકાતા લૂગડાના લબાચા, લાકડાની પાટ, એની નીચે ખડકાયેલી નંદુની આખી દુનિયાના નિર્દેશ દ્વારા સમાન્ય કક્ષાના ઘરનો લેખક વાચકને ખ્યાલ આપી દે છે.  નંદુ ગોરાણીએ કરાવેલ મૂંડન, ઓઢેલો કાળો સાડલો, એમના વૈધવ્યની શાખ પૂરે છે. આ કરુણતા ઓછી હોય તેમ અતિથિઓની પરંપરાને એમનું માનસ એમાં એ ઉમેરો કરે છે.

**કથાવસ્તુ**

'બારણે ટકોરા' એકાંકીની પશ્ચાદ ભૂ ગામડાની છે. બારણે ટકોરા પાડવા એ કોઈના  આગમનની નિશાની છે. 'બારણે ટકોરા' આરંભથી અંત સુધી મહેમાનોની સતત અવરજવરને કારણે બારણે ટકોરા સંભળાય છે.

**નંદુ ગોરાણી વિધવા બ્રાહમણ બાઈ છે. પતિના અવસાન બાદ ઘરની આવક ટૂંકી થતાં પુત્ર જ્યંતીના માસિક પચીસ રૂપિયાના પગરમાથી ઘર ખર્ચ ઉપરાંત મહેમાનો માટે ખર્ચ કરવાનો હોય છે, તેથી નંદુ ગોરાણીને** પતિને પ્રિય એવા અતિથિઓ આવે તો ગમે છે, પરંતુ પુત્રો તરફનું વાત્સલ્ય એને એમાં કરતાં રોકે છે.ટૂંકી આવકને લઈ પુત્રોને સારો ખોરાક અને  અભ્યાસની સુવિધા જળવાતી ન હોય ત્યાં મહેમાનોની કેટકેટલી સરભરા કરાવી ? તેથી મહેમાનો એને યમદૂતો સમા લાગે છે. પતિના મૃત્યુ બાદ ઘરનો વૈભવ તો જાળવવો જ રહ્યોને સ્વાર્થી મહેમાનો જાતજાતના ત્રાસ આપે તે વળી વધારામાં, માટીને મહેમાનો પ્રત્યે અણગમો પેદા થાય છે.

મોટો પુત્ર જયંતીના માસિક પચીસ રૂપિયાની આવક છે. એમાં દીકરાની સારવાર માટે મહીનો-માસ રહી જાય છે ને જતી વેળા લોટો ભૂલી જાય છે તો નંદુની પરિચિત ચંચળ પાસે એ તરત લોટો મંગાવી લે છે. આશ્ચર્ય તો એ છે કે

ચંચળને પૂનમભાઈ પરિચિત છે જ, મકનજી વહેલી સવારે નીકળતા જૂનો થીંગડાવાળો કોટ અંધારમાં મૂકી જઈ જયંતીનો નવોનકોર કોટ પહેરી જતાં રહે છે. જગન્નાથ કપડાંની પોટલી ભૂલી જાય છે. તે મુંબઈ જય યાદ આવતા જણાવે છે. આ બધા ત્રાસથી નંદુ ગોરાણી કંટાળી જાય છે ને એની એને વિશેષ તો એના પતિની માંગતી આતિથ્ય સટકારની અતિથિ દેવો ભવાની ભાવના પાતળી પડતી જાય છે.

પરભુ ગોર જીવતા ત્યારે કોઈ વાટેમાર્ગુ શતવાસે આવ્યો, એને નંદુએ આવકાર ન આપ્યો ત્યારે મીઠો ઠપકો આપતા પરભુ ગોરે કહયુ : “તારે છતે મારી આ આંખ્યો મીચાઇ જાય, ને હું કો’ક રાંકને પેટે પડુને કો’ક દિ’ બારણું ઠોકું તો તું નો જ ઉઘાડે ને?”

આ મીઠો ઠપકો નંદુને સાતતા યાદ આવ્યા જ કરે છે, ને એને લીધે હંમેશ નંદુનો જીવ ઊંચો રહેતો લાગે છે. મહેમાનોની સતત આવનજાવનને લઈ બહુનો અભ્યાસ જંપીને થઈ શકતો નથી. ટૂંકી આવક અને મહેમાનોની કનડગત એને સદાય સંતાપયા કરે છે. મોટો દીકરો જયંતી બાપના જેવી આતિથ્ય ભાવનાવાળો હોય ઘર કેમ કરીને નભશે એની ચિંતા નંદુને હમેશ કોરી ખાય છે.

બારણે ટકોરા સંભળાય છે, નંદુ ગોરાણી આગંતુકને ચોથે બારણે ધરમશાળા છે ત્યાં જવાનું કહે છે. મુસાફર ફરી ટકોર મારે છે. નંદુ બીજીવાર ચિડાઈને કહે છે : “ધરમશાળામાં જાઓ ને ! પગ ભાંગી ગયા છે ?”

નંદુ આમ તો પતિવ્રતા સ્ત્રી છે. પતિએ એક વાર પ્રેમથી આપેલ ઠપકો એના ચિત્તમાંથી કદી ખસતો નથી, તો બીજી બાજુ માનું હૈયું આર્થિક તંગીને કારણે પોતાના જણ્યા તરફ વધુ ઢળે છે ને આતિથ્ય સત્કાર પ્રત્યે અરુચિ થાય છે, અનાદર કરે છે. તેમ છતાં પતિના આત્માને શાંતિ થાય તેમ વર્તતી નથી એનો ડંખ એને હમેશ રહે છે. પત્નીત્વ અને માતૃત્વ વચ્ચેનો સંઘર્ષ લેખકે સુંદર રીતે નિરુપ્યો છે. આ સંઘર્ષ અસહય બનતા મૂસાફર પાછો કાઢવાથી નંદુ ભાંગી પડે છે ને ત્યાં પરભુ ગોરની પત્ની તરીકે ઊપસી આવે છે.

નાટકના આરંભથી અંત સુધી મહેમાનોની આવનજાવનને લઈ જે ટકોરા સંભળાય છે તેને કારણે નાટકનું શીર્ષક ખૂબ જ સંકેતપૂર્ણ બની રહે છે. કોઈને કોઈ આવતું હોઇ બારણે ટકોરા થવાથી નાટકના વસ્તુને ગતિ મળે છે અને છેવટે એકાંકીનો અંત પણ બારણે પડતાં ટકોરાથી જ આવે છે.આમ, શીર્ષક ખૂબ જ ધ્વનીપૂર્ણ બની રહે છે.